જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૭/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૫૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૪૩૦ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૧૩,૨૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૫૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૯૫૮/૨૦૨૬**

સાબરમતીઃ દિવ્યાબહેન વા/ઓ રોહીતભાઈ રબારી (ઉ.વ.૩૩)(રહે. અદાણી પ્રથમ ત્રાગડ સાબરમતી) તા.૦૧/૦૭/૨૦૨૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે જમવાનુ બનાવતા હતા ત્યારે ગેસની સગડી ફુલ કરવા જતા તેઓ નજીક ઉભેલ હોઇ તેમણે પહેરેલ ટી–શર્ટ માં આગ લાગતા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૭/૨૦૨૬ સવારના ૭/૪૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.રાજપુત ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૫૯/૨૦૨૬**

પાલડીઃ દેવ સતિષકુમાર શાહ (ઉ.વ.૨૬)(રહે."શ્રી પાશ્વ ઓરીયન પલ" ફલેટ પાલડી ચાર રસ્તા પાસે, પાલડી) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૭/૨૦૨૬ રાતના ૯/૪૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હિચકો બાંધવાના હૂક સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેષકુમાર જેસંગભાઇ ચલાવે છે.

નારોલઃ નારોલ ગામ ઠાકોર વાસ ખાતે રહેતા ગોવિંદભાઇ ઠાકોર નાઓના ૧૬ વર્ષના પુત્ર એ અગમ્ય કારણસર તા.૦૮/૦૭/૨૦૨૬ બપોરના ૨/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરશીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી